## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મકર**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે બુધનો મેષ રાશિ પ્રવેશ સવારે પોણા ચાર વાગે. મીનારક કમૂરતાં અને ચાંડાલ યોગ ચાલે છે. ગુરુ અને શનિ વક્રી ચાલે છે.જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** બારમે સૂર્ય શુક્રની યુતિ સારી છે પરંતુ ખર્ચાળ છે - ન જોઈતી વસ્તુઓ ખરીદ કરશો ને ખર્ચા વધારશો. રાશિમાં આજે બુધનો પ્રવેશ તમારી તંદુરસ્તી સુધારશે ને વધારશે.

**વૃષભ** બારમે બુધ લગ્નેત્તર સંબંધોમાં નાણાંનો દુર્વ્યય કરાવશે. ધ્યાન રાખીને ચાલશો તો વાદ-વિવાદ ને ઝઘડાઓમાં ફસાશો નહિ. મંગળને કારણે ઝઘડા થાય.

**મિથુન** દસમે સૂર્ય શુક્ર અને અગિયારમે બુધ તેમજ છઠ્ઠે મંગળ - શનિ તમોને ફાયદારૂપ નીવડશે. નાણાંનો આર્થિક લાભ થાય - કૌટુંબિક સુખ-શાંતિ પ્રાપ્ત થાય.

**કર્ક** સાતમે ચંદ્ર આપને વ્યસનથી મુક્ત ન થવા દે તેથી ધ્યાન રાખીને ચાલવું - બીજા સ્થાનમાં ચાંડાલ યોગ ગોચરમાં નુકસાનકારક ગણાય છે. તંદુરસ્તી અને આયુષ્યને લગતી બાબતોથી સાવધાની રાખવી.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગ સારો ગણાતો નથી તેમ છતાં ગોચરમાં રાશિમાં ગુરુના કારણે થોડી રાહત મળે. ભક્તિ - પૂજા કરતા રહો તે તમારે માટે ઈચ્છનીય છે. સાવધ રહેશો.

**કન્યા** સાતમે ઉચ્ચના શુક્ર સાથે સૂર્યની યુતિના કારણે તમોને મિશ્ર ફળ પ્રાપ્ત થાય તેમ છે. શુક્રના કારણે તમોને સાંસારિક સુખો પ્રાપ્ત થાય. જ્યારે સૂર્યના કારણે જીવનસાથી સાથે વિસંવાદિતા થાય.

**તુલા** સાતમે બુધનો પ્રવેશ અને રાશિપતિ છઠ્ઠે ઉચ્ચનો થયેલ છે તેમજ સ્વગૃહી મંગળ બીજે છે જેથી તમોને ચોથે ચંદ્રનો પણ પૂરતો લાભ મળી રહે છે. યોગ્ય ડગલાં ભરશો તો ફાયદો થશે.

**વૃશ્ચિક** રાશિપતિ મંગળ રાશિમાં શનિની યુતિ સાથે છે જે મંગળનું પૂરતું ફળ મળવા દેતા નથી. મંગળની પ્રબળતા તમોને રાજ્ય સરકાર દ્વારા તેમજ મકાન, જમીનથી ફાયદો કરાવે.

**ધન** બીજે ચંદ્ર - બારમે શનિ મંગળની યુતિ તેમજ ભાગ્યમાં ચાંડાલ યોગ વિગેરે યોગો સારું ફળ ઓછું આવે ને ખરાબ ફળ વધારે આપે - સાવધ રહેવું - મિશ્રફળવાળો દિવસ જાય.

**મકર** રાશિમાં ચંદ્ર તમોને જાતજાતના તરંગોવાળા વિચારો લાવે - સાહિત્ય તરફનો પ્રેમ તમારા વિચારોમાં ઉદ્‌ભવે - નવસર્જન કરવાની સાહિત્ય ક્ષેત્રે ઈચ્છાઓ થાય.

**કુંભ** સાતમો ચાંડાલ યોગ પત્ની ને કુટુંબ સામે વિખવાદ કરાવે - તમારી ઈચ્છા ન હોય તો પણ તમારે નાની નાની બાબતોમાં કૌટુંબિક વિસંવાદિતા ઉભી થાય.

**મીન** રાશિમાં ઉચ્ચનો શુક્ર - સૂર્યની યુતિ તમારા આત્માને વિલાસી બનાવે - બીજે બુધ તમારી બુદ્ધિના ચમકારા તમારા કુટુંબમાં બતાવો એવા યોગ છે.

# ગુજરાતમાં વિજ દરમાં ૧૦-૨૫ પૈસાનો ઘટાડો

અમદાવાદ, તા.૧

રાજય વીજ નિયમન પંચે આજે રાજય સરકાર હસ્તકની ચારેય વીજ વિતરણ કંપનીઓ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર અને સુરતને વીજ પુરવઠો પુરો પાડતી ટોરેન્ટ પાવર લીના ગ્રાહકોને વીજ દરમાં ૧૦ પૈસાથી ૨૫ પૈસા યુનિટ દીઠ ઘટાડો કરી રાહત આપી છે. જેમાં સરકાર હસ્તકની ચારેય વીજ કંપનીઓના ઘરવપરાશના તમામ વીજ ગ્રાહકોના વીજદરમાં યુનિટ દીઠ ૧૦ પૈસાનો ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે. જ્યારે સ્થાનિક સત્તા મંડળ હેઠળના ગામડાઓના વીજ વપરાશકારો માટે યુનિટ દીઠ ૨૫ પૈસા જ્યારે એલટીએમડી તથા એચટી ગ્રાહકોના વીજદરમાં અનુક્રમે યુનિટદીઠ ૧૦ પૈસા અને ૧૪ પૈસાનો ઘટાડો જાહેર કર્યો છે. જ્યારે બીજી ટોરેન્ટ પાવરના અમદાવાદ, ગાંધીનગર સુરતના ગ્રાહકો માટે યુનિટ દીઠ ૧૮ પૈસાનો ઘટાડો કરવાની જાહેરાત કરવામાં આવી છે. વીજ પંચ દ્વારા વીજદરના ઘટાડાનો આદેશ જારી કરી આ હુકમ આજથી જ એટલે કે તા. ૧લી એપ્રિલથી અમલી બનશે તેવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. રાજય સરકાર હસ્તકની ચારેય વિજવિતરણ કંપનીઓ ઉપરાંત ટોરેન્ટ પાવર લિમીટેડ પોતાના વર્ષ ૨૦૧૪-૧૫ના ટુ અપ અને વર્ષ ૨૦૧૬-૧૭ માટે વિજવિતરણ દરો નક્કી કરવા માટેની દરખાસ્ત જીઈઆરસીના બહુવર્ષીય વિજ દર નક્કી કરવાના વિનિયમો હેઠળ આયોગ સમક્ષ રજુ કરેલ હતી. આયોગ દ્વારા આ દરખાસ્તોની ચકાસણી કર્યા બાદ આમ જનતા અને હિત ધરાવનારાઓ પાસેથી વાંધા અને સુચનો મંગાવવાની વિસ્તૃત પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી.

આ અંગે આયોગ દ્વારા ગાંધીનગર ખાતે રૂબરૂ સુનાવણી હાથ ધરવામાં આવેલ આ સુનાવણીમાં હિત ધરાવનારાઓએ વ્યક્તિગત અને સંસ્થાકીય ધોરણે પોતાના વાંધા સુચનો આયોગ સમક્ષ રજુ કરેલ. આયોગ દ્વારા તા. ૩૧-૦૩-૨૦૧૬ના રોજ આ દરખાસ્તો અંગે હુકમો કરવામાં આવેલ છે. રાજય સરકાર હસ્તકની ચારેય વિજવિતરણ કંપનીઓના લાઈન લોસ આયોગે મંજુર કરેલા લાઈન લોસથી ઓછા રહેવા પામેલ. વર્ષ ૨૦૧૪-૧૫ માટે ચારેય વિજ વિતરણ કંપનીઓએ અંદાજેલી રૂ. ૨૩૪.૭૭ કરોડની ઘટ સામે આયોગે ચારેય વિજવિતરણ કંપનીઓની સંયુક્ત સિલક રૂ. ૧૧૫.૭૬ કરોડ મંજુર કરેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭ની મંજુર થયેલ વાર્ષિક મહેસુલી જરૂરીયાત ગણતરીમાં લીધા બાદ વર્ષ ૨૦૧૬-૧૭ની સિલક રૂ. ૬૫૬.૫૫ કરોડ આયોગ દ્વારા અંદાજવામાં આવેલ છે. રાજય સરકારની વિજ વિતરણ કંપનીઓએ વર્ષ ૨૦૧૬-૧૭ના કામચલાઉ વાર્ષિક મહેસુલી જરૂરિયાતના આધારે વિજદરમાં કોઈ જ ફેરફાર ન કરવાની માંગણી કરેલ. આમ છતાં આયોગે અંદાજેલ સિલકનો ફાયદો ગ્રાહકો સુધી પહોંચાડવાનો નિર્ણય લીધેલ છે અને ઘરવપરાશ કરતા તમામ વિજ ગ્રાહકોના વિજદરમાં ૧૦ પૈસા યુનિટનો ઘટાડો કરેલ છે. અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના ભૌગોલિક સત્તા વિસ્તાર હેઠળના ગામડાઓ અત્યાર સુધી શહેરી વિસ્તારના વિજદર મુજબ વિજ બીલો ભરતા હતા. આયોગે આવા ગામડાઓના ઘરવપરાશ ગ્રાહકોને ગ્રામ્ય વિસ્તારનો વિજદર કે જે શહેરી વિસ્તારના ઘરવપરાશના વિજદર કરતા ૨૫ પૈસા ઓછો છે તે લાગુ કરવાનું નક્કી કરેલ છે.



**ધર્મસિંહ દેસાઈ યુનિ.ના નવીન મેડીકલ કેમ્પસનું મુખ્યમંત્રીના હસ્તે ભૂમિપૂજન કરાયું**

ખેડા જિલ્લાના નડિયાદ ખાતે ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટીના ઉપક્રમે કેમ્પસમાં રૂ. ૫૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટરનું આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે મેડીકલમાં ડોકટરની ડિગ્રી પ્રાપ્ત કરનાર નવા તબીબોએ ઓછામાં ઓછું બે વર્ષ સુધી રાજયના આંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં ગરીબ અને જરૂરીયાતમંદોની સેવા કરવી જોઈએ. આ પ્રસંગે વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ દેવુસિંહ ચૌહાણ સહિત યુનિ.ના વાઈસ ચાન્સેલર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમૂલના ટર્નઓવરમાં ગત વર્ષની તુલનામાં ૧૧ ટકાનો વધારો નોંધાયો

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં પશુધનની વૃદ્ધિ થતાં દૂધ ઉત્પાદનમાં પણ વધારો થવા પામ્યો છે. ગુજરાતના પશુધનમાં ૧૫ ટકા જેટલી વૃદ્ધિ નોંધાઈ છે તેમ જીસીએમએમએફના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલે જણાવ્યું છે.

તેમણે કહ્યું હતું કે અમૂલના ટર્નઓવરમાં ૨૦૧૪-૧૫ કરતાં ગઈકાલે પૂર્ણ થયેલા નાણાંકીય વર્ષમાં ૧૧ ટકાનો વધારો થયો છે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે છેલ્લા ૬ વર્ષથી જીસીએમએમએફના ટર્નઓવરમાં ૨૦ ટકાનો વધારો સતત નોંધાઈ રહ્યો છે.

દૂધ અને દૂધની બનાવટોની માંગને ભારતના મેટ્રો શહેરોમાં પહોંચી વળવા માટે જીસીએમએમએફના અમૂલ (દૂધ સંઘોએ પોતાની માલિકીના મિલ્ક પ્રોસેસીંગ પ્લાન્ટ હરિયાણા, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યોમાં શરૂ કરેલ છે. જીસીએમએમએફના) અમૂલ દૂધ સંઘો દ્વારા અન્ય રાજ્યોમાંથી પણ દૂધ સંપાદનની પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે જેના કારણે બહારના રાજ્યોના દૂદ ઉત્પાદકોને પણ અમૂલ મોડેલથી ફાયદો થાય.

જીસીએમએમએફના ચેરમેનશ્રી જેઠાભાઈ પટેલે જણાવ્યું હતું કે જીસીએમએમએફ દ્વારા દૂધ સંપાદન, મિલ્ક પ્રોસેસીંગ અને નવા માર્કેટના વિસ્તરણ અંગેના જે પગલા લેવામાં આવ્યા છે તેના કારણે દૂધ ઉત્પાદકોને મોટો ફાયદો થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે અમૂલ દૂધ અને દૂધની બનાવટોની માંગ અને ભવિષ્યમાં કરવામાં આવનાર માર્કેટીંગના પ્રયત્નોને ધ્યાનમાં લઈને અમારો અંદાજ છે કે જીસીએમએમએફ દ્વારા આગામી ૫ વર્ષમાં પણ દર વર્ષે ૨૦ ટકાનો ટર્નઓવરમાં વૃદ્ધિદર જાળવી શકાશે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે જીસીએમએમએફના દૂધ સંઘો દ્વારા હાલમાં જે મિલ્ક પ્રોસેસીંગની ક્ષમતા ૨૮૧ લાખ લિટર પ્રતિદિવસની છે તેને વધારીને આગામી ૫ વર્ષમાં ૩૮૦ લાખ લિટર પ્રતિદિવસ કરવામાં આવશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં દૂધ અને ડેરી કોમોડીટીના ભાવ ગત વર્ષ કરતા અડધા થઈ ગયેલા છે પરંતુ ગુજરાતના દૂધ ઉત્પાદકોને આવી વિષમ પરિસ્થિતિમાં પણ દૂધના સતત સારા ભાવ મળી રહ્યા છે. તેઓએ જણાવ્યું હતું કે ન્યુઝીલેન્ડના ખેડૂતોને વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન રૂ. ૫૧.૫૦ પ્રતિ લિટર દૂધના ભાવ મળતા હતા જે વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન ઘટીને રૂ. ૨૧.૭૦ થઈ ગયેલ છે. આની સાપેક્ષમાં ગુજરાતના દૂધ ઉત્પાદકોને દર વર્ષે ૮ થી ૧૦ટકા ભાવ વધુ ચુકવવામાં આવે છે.

# વાયા રાણીપ 'બસ પોર્ટ' થઈને જતી બસોના કારણે મુસાફરોમાં નારાજગી

ગાંધીનગર, તા.૧

અમદાવાદના રાણીપ ખાતે રાજય વાહન વ્યવહાર નિગમ દ્વારા નવા બસ પોર્ટનું લોકાર્પણ કરાયું છે. આ બસ પોર્ટના કારણે ગાંધીનગર અમદાવાદની શહેરી બસ સેવાના મુસાફરો માટે 'કહીં ખુશી, કહીં ગમ'નો માહોલ સર્જાયો છે.

ગાંધીનગરથી અમદાવાદ તરફ આશરે ૧૫૦થી વધુ બસો ટ્રીપ મારી રહી છે. જેમાં રોજના લાખો રૂપિયાનું ઈંધણ બાળી વહેલી સવારથી મોડી રાત્રિ સુધી શહેરી બસ સેવા પુરી પાડવામાં આવી રહી છે. આ શહેરી બસ સેવાને કારણે ગાંધીનગર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના મુસાફરોને અમદાવાદના અલગ અલગ વિસ્તારોમાં જવા આવવા અને તેજ રીતે અમદાવાદના વિવિધ વિસ્તારોના મુસાફરો, સરકારી કર્મચારીઓને ગાંધીનગર આવવા આ સેવા ઉપયોગી થઈ રહી છે. તાજેતરમાં રાણીપ ખાતે સરકાર દ્વારા અત્યંત આધુનિક 'બસ પોર્ટ'નું નિર્માણ કરાયું છે. આ બસ પોર્ટને આવરી લેવા ગાંધીનગર-અમદાવાદ શહેરી બસ સેવાના મોટા ભાગના રૂટ ડાયવર્ટ કરાયા છે. આ કારણે અનેક મુસાફરોને પોતાના નિયત સ્થળે પહોંચવામાં મોડું થવા પામી રહ્યું છે. ગાંધીનગરથી આશ્રમ રોડ તરફ જતી તમામ બસો રાણીપ થઈને જવાના કારણે તમામ મુસાફરોને નિયત સ્થળે હવે પહોંચવામાં પહેલા કરતા વધુ સમય લાગી રહ્યો છે.

બીજી તરફ પશ્ચિમ અમદાવાદના કેટલાક ભાગોમાં જવા માંગતા મુસાફરો માટે આ ડાયવર્ઝન આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. આમ બેવડી પરિસ્થિતિને કારણે મુસાફરોમાં કહીં ખુશી, કહીં ગમનો માહોલ સર્જાયો છે. જો કે કેટલાક રૂટને રાણીપ ડેપો તરફ ડાયવર્ટ ના કરાય તેવી મુસાફરોમાં માંગ ઉઠવા પામી છે.



તેરાપંથ મહિલા મંડળ દ્વારા દૈનિક "યંગ લીડર" અને "જિનેન્દુ"ની સહ સંપાદિકા નીલમ જૈનને "પ્રખર લેખની પુરસ્કાર-૨૦૧૬" અર્પણ કરાયો છે. આ પ્રસંગે ઉપસ્થિત જૈન શ્વેતાંબર તેરાપંથ ધર્મસંઘના આચાર્ય મહાશ્રમણજીના શિષ્ય રાકેશકુમારના સાનિધ્યમાં અપાયેલ આ એવોર્ડ પ્રસંગે મુનિએ જણાવ્યું હતું કે નીલમ જૈન ખુબ સારૂ અને સત્યની નજીકનું લખે છે. આ પ્રસંગે ગાંધીનગરના મેયર હંસાબેન મોદીએ મહિલાઓના રાષ્ટ્ર તેમજ સમાજના વિકાસમાં સહયોગ તથા માર્ગદર્શનની પ્રસંશા કરી હતી તથા મહિલાઓને પ્રોત્સાહિત કરતા કાર્યક્રમોનું નિરંતર આયોજન થતુ રહે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

# ઈક્વિટાસ હોલ્ડિંગ્સ લિમિટેડ: પબ્લિક ઈશ્યૂ ૫ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલે છે

## પ્રાઈસ બેન્ડ રૂ.૧૦૯થી રૂ.૧૧૦ પ્રતિ ઈક્વિટી શેર ફિક્સ કરવામાં આવ્યું

ઈક્વિટાસ હોલ્ડિંગ્સ લિમિટેડ (કંપની અથવા ઈશ્યૂકર્તા) ૫ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ઈક્વિટી શેર્સનો એક પબ્લિક ઈશ્યૂ ખુલ્લો મૂકશે જેમાં કેશ માટે ફેસ વેલ્યુ પ્રત્યેક (ઈક્વિટી શેર) રૂ. ૧૦ હશે અને પ્રાઈસ બેન્ડ રૂ.૧૦૯થી રૂ.૧૧૦ પ્રતિ ઈક્વિટી શેર (ઈક્વિટી શેર દીઠ શેર પ્રીમિયમ સહિત) (ઈશ્યૂ) રહેશે જેમાં રૂ.૭૨૦૦ મિલિયનના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન (આઈએફસી) દ્વારા ૧૬,૪૬૩,૭૭૨ સુધીના ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ છે, નેડેરલેન્ડસે ફાઈનાન્સિરિંગ – માટ્સ્કપિઝ વૂર ઓન્ટવિકેલિંગસ્લેડેન એન.વી. (એફએમઓ) દ્વારા ૧૧,૯૨૬,૬૬૮ સુધીના ઈક્વિટી શેર્સ (આઈએફસી અને એમએમઓને સંયુક્ત રીતે ડીએફઆઈ સેલિંગ શેરહોલ્ડર્સ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે), આવિષ્કાર ગુડવેલ ઈન્ડિયા



માઈક્રોફાઈનાન્સ ડેવલપમેન્ટ કંપની લિ. (આવિષ્કાર) દ્વારા ૪,૯૯૯,૯૯૮ સુધીના ઈક્વિટી શેર્સ , એક્વેરિયસ ઈન્વેસ્ટમેન્ટ્સ લિ. (એક્વેરિયસ) દ્વારા ૭,૧૫૩,૦૩૮ ઈક્વિટી શેર્સ, ક્રિયેશન ઈન્વેસ્ટમેન્ટ્સ ઈક્વિટાસ હોલ્ડિંગ્સ, એલએલસી (ક્રિયેશન) દ્વારા ૮૬૮,૧૨૫ ઈક્વિટી શેર્સ, હેલિયોન વેન્ચર પાર્ટનર્સ લિ એલએલસી (હેલિયોન) દ્વારા ૪,૨૮૮,૬૪૮ ઈક્વિટી શેર્સ, ઈન્ડિયા ફાઈનાન્શિયલ ઈનક્લુઝન ફંડ (આઈએફઆઈએફ) દ્વારા ૨૫,૯૩૮,૫૯૪ ઈક્વિટી શેર્સ, લુમેન ઈન્વેસ્ટમેન્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (લુમેન) દ્વારા ૨૨,૫૭૧,૮૨૦ ઈક્વિટી શેર્સ, એમવીએચ એસ.પી.એ. (એમવીએચ) દ્વારા ૧૬,૯૭૫,૪૮૪ ઈક્વિટી શેર્સ, સર્વા કેપિટલ એલએલસી (સર્વા) દ્વારા ૬,૬૩૫,૭૭૦ ઈક્વિટી શેર્સ, સિક્વોઈયા કેપિટલ ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ -૩ (સિક્વોઈયા) દ્વારા ૧૨,૮૪૦,૮૬૧ ઈક્વિટી શેર્સ, વેસ્ટબ્રિજ વેન્ચર્સ -૨ એલએલસી (વેસ્ટબ્રિજ) દ્વારા ૧,૫૮૩,૧૦૬ ઈક્વિટી શેર્સ (આવિષ્કાર, એક્વેરિયસ, ક્રિયેશન, હેલિયોન, આઈએફઆઈએફ, લુમેન, એમવીએચ, સર્વા, સિક્વોઈયા અને વેસ્ટબ્રિજ સંયુક્ત રીતે પીઈ વેચાણકર્તા શેરધારકો તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે) અને પી.એન. વાસુદેવન ("વ્યક્તિગત વેચાણકર્તા શેરધારક") દ્વારા ૧૮૦,૦૦૦ ઈક્વિટી શેર (ડીએફઆઈ વેચાણકર્તા શેરધારકો, પીઈ વેચાણકર્તા શેરધારકો અને વ્યક્તિગત વેચાણકર્તા શેરધારકોને સંયુક્ત રીતે વેચાણકર્તા શેરધારકો તરીકે ઉલ્લેખ કરાયો છે.) વેચવાની ઓફર ફોર સેલ છે. ઈશ્યૂમાં પબ્લિકને ઈક્વિટી શેર્સનો નેટ ઈશ્યૂ ("નેટ ઈશ્યૂ") તથા લાયક કર્મચારીઓ (જેને અહીં વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે) માટે ૨૫૦,૦૦૦ ઈક્વિટી શેરની અનામત સામેલ છે, જે પોસ્ટ ઈશ્યૂ ચુકવાયેલી શેર મૂડીના પાંચ ટકાથી વધારે ન હોય ("કર્મચારીઓ માટેના અનામતનો હિસ્સો") તે મુજબ છે.

# શેરથામાંથી દેશી દારૂનો જથ્થો ભરી અમદાવાદ લઈ જવાતી રિક્ષા પકડાઈ

ગાંધીનગર, તા.૧

અમદાવાદમાં દેશી દારૂની હાઈ ડિમાન્ડનો પગલે હવે ગાંધીનગર જિલ્લામાંથી દેશી દારૂ અમદાવાદમાં સપ્લાય કરવામાં આવી રહ્યો છે.આજે બપોરે અડાલજ બાલાપીર ચોકડી પાસેથી દેશી દારૂનો જથ્થો ભરી અમદાવાદ લઈ જવાઈ રહેલી રિક્ષા પોલીસના હાથે ઝડપાઈ ગઈ હતી. ૧૮૬ લીટર દેશી દારૂ સાથે બે મહિલા બુટલેગર મળી ત્રણની ધરપકડ કરી લેવામાં આવી છે. આ પ્રકરણમાં શેરથાની મહિલા બુટલેગરનું નામ ખુલતા અડાલજ પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

અડાલજ પોલીસની ટીમે બાતમીના આધારે આજે બપોરના અરસામાં બાલાપીર ચોકડી પાસેથી દેશી દારૂનો જથ્થો ભરીને હેરાફેરી કરતી રિક્ષા સાથે ત્રણ બુટલેગરોને પકડી પાડયા છે. અમદાવાદના કાંકરીયા વિસ્તારની બે મહિલા બુટલેગર તથા ધોળકાના નરેશ મઈજી દેવીપૂજક મળીને ત્રણ શખ્સોની ૧૮૬ લીટર દેશી દારૂ સાથે ધરપકડ કરી લઈ રિક્ષા જપ્ત કરવામાં આવી છે. દારૂનો જથ્થો શેરથાની એક મહિલા બુટલેગરને ત્યાંથી લાવ્યા હોવાની ત્રણેયે કેફીયત આપતા અડાલજ પોલીસે તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

## સરકારી કામો બંધ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિભાગના સચિવને રજુઆત કરી હતી. ત્યારે સચિવ કક્ષાએથી ખુબ જ ઉધ્ધતાઈ પુર્વકનો જવાબ મળતા કોન્ટ્રાકટરોમાં આક્રોશ પ્રવર્તયો છે. કોન્ટ્રાકટર એસોસિએશને આ મામલે માર્ગ મકાન મંત્રીને રજુઆત કરી છે. જેમાં જણાંવ્યા મુજબ સચિવે આ દરમિયાન જણાંવ્યુ હતુ કે અમે ઓનલાઈન ટેન્ડર આપીએ છીએ પણ તમે શા માટે ભરો છો. ગ્રાન્ટ આજે પણ નથી અને કાલે પણ નથી સરકારી તિજોરી માઈનસમાં ચાલે છે.તમારાથી થાય તે કરી લો..હુ ગ્રાંન્ટ આપી શકુ તેમ નથી. સચિવના આવા તીખા અને ઉધ્ધત જવાબથી રોષે ભરાયેલા કોન્ટ્રાકટરોએ જયાં સુધી બીલની ચુકવણી ન થાય ત્યાં સુધી તમામ સરકારી કામો બંધ કરી દેવાની જાહેરાત કરી છે. જયારે આગામી મહાનગર પાલિકાની ચુંટણીનો બહિષ્કાર કરવાનો પણ નિર્ણય લીધો છે.એસોસિએશન દ્વારા સચિવના બેજવાબદાર વર્તન બદલ તેમની બદલી કરવા માટે પણ રજુઆત કરી છે.

## પેપર સરળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૭૩૯ વિદ્યાર્થીઓએ પરિક્ષામાં હાજરી આપી હતી. જયારે ૫ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ગણિતનુ પેપર અંકદરે સરળ પુરવાર થયુ હતુ. વેદ ઈન્ટરનેશનલ સ્કુલના વિષય નિષ્ણાંત આર આર પટેલે જણાંવ્યુ હતુ કે ગણિતના પેપરમાં ભાગ અ માં મોટાભાગના એમ સી ક્યુ સરળ અને પાઠ્યપુસ્તક આધારિત પુછાયા હતા. જયારે ફકત ૪ જ એમ સી ક્યુ બહારના પુછાયા હતા. જેનો ઉત્તર આપવામાં વિદ્યાર્થીઓ થોડા મુંઝવણમાં મુકાયા હતા. ભાગ બી માં ૬ ગુણના દાખલા બહારના પુછાયા હતા. દાખલાઓ પુસ્તક આધારિત જ હતા. વિદ્યાર્થીઓના માટે ગણિતનુ પેપર સરળ પુરવાર થયુ હતુ. જેથી વિદ્યાર્થીઓ તેમની ધારણા મુજબ સ્કોર કરી શકે તેવુ પેપર હતુ. ગણિતની સરળ અને પુસ્તક આધારિત કસોટીમાં પરિક્ષાર્થીઓને કોઇ મુંઝવણ થઈ ન હતી. જિલ્લામાં સેમેસ્ટર ૨ ની પરિક્ષા દરમિયાન એકપણ કોપી કેસ નોંધાયો ન હોવાનુ શિક્ષણ સુત્રોએ જણાંવ્યુ છે.

## છ ઠરાવો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

થી ૧૮ને નામંજૂર પંચાયત અધિનિયમ ૧૯૯૭ના નિયમ-૧૨ની જોગવાઈ મુજબ કર્યા છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનું નાણાંકીય વર્ષ સંપન્ન થઈ ગયુ હોવાથી હવે નવા કામો મનરેગાના શરૂ કરવામાં વહીવટીય પ્રશ્નો ઉભા થઈ શકે છે.

આ પરિસ્થિતિને ધ્યાને રાખી હવે તાકીદની એક ખાસ સભા બોલાવવી પડશે કારણ કે આ બજેટમાં રોજગારી આપવાની ખાત્રીની યોજનાના અમલ સાથે સંકળાયેલી છે અને તેમ કરવામાં ઉણા ઉતરનાર સામે દંડનીય કાર્યવાહીની પણ જોગવાઈ છે.

વૈધાનિક નિયમનો ભંગ થતો હોવાથી વિકાસ કમિશ્નરશ્રીએ તમામ બાબતે જે પ્રમુખસ્થાનેથી રજુ થઈ હતી તે નામંજૂર કરી છે. આથી હવે પંચાયતના સંચાલનમાં રાજકીય ટકરાવ વધુ ઘેરો બનશે તેવા સંકેતો પંચાયતના વર્તુળોમાંથી પ્રાપ્ત થયા છે.

## હોમ લોન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નવી ફોર્મ્યુલા આધારિત બેંચમાર્કને માર્જિનો કોસ્ટ ઓફ લેન્ડિગ રેટ (એમસીએલઆર) કહેવામાં આવે છે. આઈસીઆઈસીઆઈ બેંક દ્વારા એક વર્ષમાં એમસીએલઆર ૯.૨ ટકાની જાહેરાત કરી છે. એસબીઆઈની જેમ જ આ જાહેરાત થઈ છે. જો કે, આ બેંકે હોમ લોન કયા આધારે આપશે તે અંગેની જાહેરાત કરી નથી. એસબીઆઈ હોમ લોનના મામલામાં માર્કેટ લીડર છે. ૧.૯ લાખ કરોડના પોર્ટફોલિયો સાથે તે હોમલોનમાં સૌથી આગળ છે. એસબીઆઈના એમડી રજનીશ કુમારે કહ્યું છે કે, આ વર્ષે હોમ લોનમાં ૧૮ ટકાનો વાર્ષિક આધારે વધારો થયો છે અને આ ગ્રોથ જારી રહેશે તેવી આશા છે. તેમણે ઉમેર્યું છે કે, અન્ય પર્સનલ લોન ઉપર રેટ સુધારવામાં આવી ચુક્યા છે. એસબીઆઈ નવા સ્પર્ધાત્મક ફિક્સ્ડ રેટ ઓટો લોન પર વિચારી રહ્યા છે. નવા બેંચમાર્કના સંદર્ભમાં કેટલીક બાબતોનો ખુલાસો કરવામાં આવ્યો છે.

## વિમાની યાત્રા...● અનુસંધાન પહેલાનું ચાલુ

નાની બચત ઉપર પણ આજથી વ્યાજદર લોકોને ઓછો મળશે. તમામ સર્વિસ પર કૃષિ કલ્યાણ સેસ લાગૂ કરવામાં આવ્યા બાદ બહાર ભોજન કરવાની બાબત અને બિલની ચુકવણી સહિતની તમામ સેવાઓ મોંઘી બની ગઈ છે. નાણામંત્રી અરુણ જેટલીએ તમામ તમાકુ પેદાશો ઉપર ૧૫ ટકા એક્સાઈઝ ડ્યુટી લાદી દીધી હતી.

## ચીનનો વિરોધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીન અને પાકિસ્તાને હમેંશા મૌલાના મસુદ અઝહર મામલે જ્યારે પગલા લેવાની વાત આવે છે ત્યારે હળવુ વલણ અપનાવે છે. ન્યુક્લિયર સમિટ ૨૦૧૬ પહેલા ભારતે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મૌલાના મસુદ અઝહરની સામે પગલા લેવામાં આવે.જેશે મોહમ્મદ સામે કાર્યવાહી કરવા માટે ભારતે જોરદાર રજૂઆત કરી હતી. ચીને હમેંશાની જેમ વાંધો ઉઠાવ્યો હતો. અમેરિકા પહોંચ્યા બાદ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રસલ્સમાં હાલમાં કરવામાં આવેલા ત્રાસવાદી હુમલાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યુ હતુ કે આજના ત્રાસવાદને આ ઘટના સાબિત કરે છે. તેમણે કહ્યુ હતુ કે પરમાણુ સુરક્ષાની દિશામાં ધ્યાન ખેંચીને ઓબામાએ સારુ કામ કર્યુ છે. મોદીએ ત્રાસવાદની સાથે મળીને કામ કરી રહેલા લોકો અને દેશોની પરોક્ષરીતે જોરદાર ઝાટકણી કાઢી હતી. વડાપ્રધાને કહ્યુ હતુ કે ત્રાસવાદીઓની સાથે મળીને કામ કરી રહેલા દેશો ખતરનાક છે. તેમની ગતિવિધી પર નજર રાખવાની જરૂર છે. ચીને પાકિસ્તાન સાથે મળીને મસૂદ અઝહર ઉપર પ્રતિબંધ મુકવાની ભારતની યોજનાને અટકાવી દીધી છે. આ બંનેએ આ મામલે હાથ મિલાવ્યા છે.

## અમૂલ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શ્રી સોઢીએ જણાવ્યુ હતુ કે દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની વિતરણ વ્યવસ્થા પણ યથાવત રહેશે.

તેમણે કહ્યુ હતુ કે મધુર ડેરી દ્વારા ચલાવાતા મિલ્ક પાલર્સનું હવે સંપૂર્ણ નવીનીકરણ કરીને અમૂલ પાર્લર્સમાં પરિવર્તન કરવામાં આવશે.

**વાહન વેચાણ અંગેની જાહેર નોટીસ**

**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ**

બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૪૮૮) હસ્તકના નીચે દર્શાવેલ વાહન જે તે હાલતમાં વેચવાનું છે

| ક્રમ | વાહનનું નામ | વાહનનો રજી. નંબર | મોડલ | અપસેટ કિંમત | બાનાની રકમ | ભાવ આપવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શેવરોલેટ ટવેરા | GJ-18-AH 7790 | ૨૦૧૦ | ૪,૦૦,૦૦૦/- | ૪૦,૦૦૦/- | ૨૨/૪/૨૦૧૬ ૧૨.૦૦ કલાક સુધી |

વેચાણ અંગેની બોલીઓ / શરતોની વધુ વિગતો નિગમની વેબસાઈટ www.sje.gujarat.gov.in/gtkvn ઉપર ઉપલબ્ધ છે.

માહિતી/૨૯૨૩/૨૦૧૫-૧૬ મેનેજીંગ ડીરેક્ટર